Received on : 12-03-2026
Registered on : 12-03-2026
Decided on : 18-03-2026
Duration : Y M D
- - 06

**જુનાગઢના મે. પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ.**

**ફોજદારી પરચુ. અરજી નં. ૧૯૫/૨૦૨૬.**
**આંક– ૦૮**

પ્રમોદભાઈ ત્રિકમભાઈ ભાખર,
ઉ.વ.આ.૩૧, ધંધો.આર.ઓ.ફીલ્ટર સર્વિસ, ધર્મે.હીન્દુ,
રે. ખલીલપુર રોડ, રાજનગર, શેરી નં. ૧, જુનાગઢ
મુળ રહે. આલીધ્રા, તા. મેંદરડા.
(હાલ જીલ્લા જેલ, જૂનાગઢ.) ......**અરજદાર/આરોપી**

**–:: વિરૂધ્ધ ::–**

શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ. ......**સામાવાળા**

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૭(૩), ૩૧૭(૪) મુજબ.

**સંદર્ભ :–** મેંદરડા પોલીસ સ્ટેશન ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૩૯૨૬૦૦૦૩/૨૦૨૬.

---

અરજદાર/આરોપી તરફે વિ. વકીલ શ્રી ડી.આર.અભાણી.
સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પી. પી. શ્રી એન. કે. પુરોહીત.

---

**–: હુકમ :–**

(૧) હાલની અરજી અરજદાર/આરોપી સામે મેંદરડા પોલીસ સ્ટેશન ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૩૯૨૬૦૦૦૩/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૧૭(૩), ૩૧૭(૪) મુજબ ગુનો નોંધાયેલ

અને તે ગુનાને કામે હાલના અરજદાર/આરોપી તા. ૦૩/૦૧/૨૦૨૬ થી કસ્ટડીમાં હોય, તેઓ તરફે બી.એન. એસ. એસ. ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે તેમના વકીલશ્રી મારફત હાલની આ અરજી દાખલ કરેલ છે. જે અરજી દાખલ કરી સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિદ્વાન જીલ્લા સરકારી વકીલશ્રી એન. કે. પુરોહીત હાજર થયેલા. તેઓએ પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું આંક–૦૬ થી રજુ કરેલ છે.

(૨) અરજીના અનુસંધાને અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી ને તથા સામાવાળા સરકારશ્રી તરફે વિદ્વાન જીલ્લા સરકારી વકીલશ્રી એન. કે. પુરોહીતને રૂબરૂ સાંભળ્યા. અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ પેપર્સ તથા પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે આંક–૦૬ થી રજુ કરેલ સોગંદનામું વંચાણે લીધુ.

(૩) અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ અગાઉ ફોજ. પરચુ. અરજી નં. ૩૦/૨૬ થી કરેલ જામીન અરજી તપાસ ચાલુ હોય તેવા કારણસર નામંજુર કરવામાં આવેલી અને હાલ પોલીસ તપાસ પુર્ણ થઈ ચાર્જશીટ થયેલ હોય, પુરાવા સાથે ચેડા થવાની શકયતા ન હોય જેથી હાલની આ ચાર્જશીટ બાદની પ્રથમ જામીન અરજી કરેલ છે. વધુમાં રજુઆત છે કે, ફરીયાદવાળો કહેવાતો બનાવ ફરીયાદ દાખલ થયાના તા. ૧૦–૦૭–૨૪ થી તા.૨૨–૦૭–૨૪ નારોજ બનેલ છે અને તા.૦૨–૦૧–૨૬ નારોજ આપેલ છે તેથી ફરીયાદ મોડી હોય ફરીયાદ કે ફરીયાદનો આરોપ અરજદાર સામે ટકી શકે તેમ નથી. વધુમાં રજુઆત છે કે, અરજદારને ખોટી રીતે હેરાન કરવાના બદ ઈરાદાથી આ કામમા ખોટી રીતે

સંડોવી દેવામા આવેલ છે અને માત્ર રાજકીય ખટપટના કારણે તથા જ્ઞાતિના રાગદ્વેશના કારણે અરજદારની પ્રતિષ્ઠાને હાની પહોચાડવા માટે હાલની તદન ખોટી ફરીયાદ કરવામા આવેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી જુનાગઢ ગામે રહે છે, સ્થાવર જંગમ મિલકત ધરાવે છે, કયાંય નાસી–ભાગી જાય તેમ નથી, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી, કુટુંબની જવાબદારી વાળા છે, ગુનામા કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ ભજવેલ નથી કે અરજદાર સામે પ્રાઇમાફેસી કે સીધા કે આડકતરા પુરાવાઓ મળી આવેલ નથી. વધુમાં પોલીસ કાગળોમાં આંતરીક અને બ્રાહય મહત્વના ગંભીર મહત્વના વિરોધાભાસો રહેલા છે જેથી પોલીસ કાગળોમાં મહત્વના ગંભીર વિરોધાભાસો રહેલા હોય ત્યારે નામદાર ઉચ્ચ અદાલતોના ચુકાદાને ધ્યાને લઈને પણ અરજદારને જામીન મુકત કરવા જોઇએ. વધુમાં જામીનના તબકકે પણ આરોપીના બચાવને તથા સંભવિત બચાવની તકને ધ્યાને લેવી જોઈએ તેવા તાજેતરના ગુજરાત હાઈકોર્ટના વલણને જોતા હાલના કેસમાં પણ આરોપીની નિર્દોષતા પુરવાર કરવા માટેની તકો પ્રોસીકયુશનના કાગળોમાં જ પડેલી છે તે ધ્યાને લઈએ તો અરજદારને જામીનને પાત્ર ગણી શકાય તે હકીકત તરફે ધ્યાન દોરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર સામે લગાવવામાં આવેલ કલમો મુજબના તત્વો જોતા આ કલમમા સજાની જોગવાઈ મુજબ અરજદારે કોઈ નાણાની ઉચાપત કરેલ નથી કે તેમણે કોઈ નાણા સ્વીકારેલ નથી કે અરજદાર પાસેથી કોઈ મુદામાલની રકમ કબજે કરવામા આવેલ નથી કે અરજદાર આરોપીએ કોઈ આર્થિક લાભ મેળવેલ નથી કે ફ્રોડ કરી કોઈ રકમ મેળવેલ નથી કે સગેવગે કરેલ નથી તેથી આ ગુનો પણ તેમની સામે ટકી શકે તેમ નથી. હાલના કેસમા વધુ અટકાયત

આવશ્યક હોવાનુ પોલીસ કાગળો પરથી બતાવી શકાય તેમ નથી જે તમામ હકીકતે અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૪)** જયારે સરકાર તરફે વિદ્ધાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ પોતાના Equitas Small Finance Bank Ltd Junagadh Branch એકાઉન્ટ નંબર ૧૦૦૦૦૭૩૭૮૩૬૦ મા સાયબર ફ્રોડના રૂપીયા જમા થતા હોવાનુ જાણતો હોવા છતાં અલગ અલગ માધ્યમથી અલગ અલગ સમયે સાઈબર ફ્રોડથી રૂપીયા ૧૮,૦૦,૦૦૦/-લાખ પુરા મેળવેલ છે. અને તે રૂપીયા પોતે અથવા તેની સાથે સંડોવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ વીડ્રો કરી સગેવગે કરી ગંભીર ગુન્હો કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીએ અગાઉ ફોજ. પરચુ .અરજી નં. ૩૦/૨૦૨૬ થી કરેલ જામીન અરજી નામંજુર કરવામાં આવેલ હતી અને ત્યારબાદ તપાસ પુર્ણ થઈ અરજદાર/ આરોપી સામે ચાર્જશીટ થતા કોઈ સંજોગો બદલાયેલા નથી. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીની જામીન મુકત કરવામાં આવશે તો સાયબર ફ્રોડમાં ગયેલ રકમ રીકવર થશે નહીં અને વધુ આવા પ્રકારના ગુન્હ કરે તેવી શકયતા રહેલી હોય જે તમામ હકીકતે તેમજ તપાસ કરનાર અમલદારના સોગંદનામાની હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૫)** બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લીધી તથા અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ પેપર્સ, પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામું ધ્યાને લીધુ.

**(૫.૧)** ફરીયાદ તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લેતા, આ કામે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૩૧૭(૩), ૩૧૭(૪) મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર/આરોપી સામે ઉકત જણાવેલ

ગુના સબંધે ફરીયાદ દાખલ થયા બાદ તા. ૦૩/૦૧/૨૬ થી જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. આમ, હાલની અરજી અરજદાર/આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૪ની કલમ ૪૮૩ નીચે અત્રેની અદાલત સમક્ષ કરેલ છે.

**(૫.૨)** જામીન અરજી લગત નિર્ણય કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાના માપદંડ શું હોવા જોઈએ તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટએ Ajwar and Others V/S Waseem and Another (2024 (0) AIJEL-SC 73697) ના ચુકાદામાં પારા ૨૬માં ઠરાવેલ છે તે આ તબક્કે જોવાનું હું ઉચીત માનું છું. જે જોઈએ તો,

> 26. While considering as to whether bail ought to be granted in a matter involving a serious criminal offence, the Court must consider relevant factors like the nature of the accusations made against the accused, the manner in which the crime is alleged to have been committed, the gravity of the offence, the role attributed to the accused, the criminal antecedents of the accused, the probability of tampering of the witnesses and repeating the offence, if the accused are released on bail, the likelihood of the accused being unavailable in the event bail is granted, the possibility of obstructing the proceedings and evading the courts of justice and the overall desirability of releasing the accused on bail.

**(૫.૩)** નામદાર સુપ્રીમ કોર્ટના ઉકત ચુકાદાના પરીમાણોને હાલના કેસમાં લાગુ કરતા અને બંને પક્ષોના વિ. વ. શ્રીઓની રજુઆતો અને કેસ પેપર્સ વંચાણે લેતા, આક્ષેપીત ગુનાના કામે આરોપી સામે સાયબર ફ્રોડ/ઠગાઈના રૂપીયા પોતાના બેંક એકાઉન્ટમાં જમા થવા દઈ નાણાકીય લાભ મેળવતા હોવાનો આક્ષેપ જેમાં આજીવનકેદની શીક્ષા સુધીની

કાયદામાં જોગવાઈ થયેલી છે. વળી, જામીન મંજુર કરતી અદાલતે તેમને મળેલ વીવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે નહી કે સામાન્ય રીતે તેવું નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા Kalyan Chandra Sarkar vs. Rajesh Ranjan @ Pappu Yadav and Anr., (2004 (7) SCC 528) માંઠરાવવામાં આવેલ છે. વળી નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા Jameel Ahmad vs. Mohammed Umair Mohammed Haroon & Anr. (2022 LiveLaw (SC) 222) માં ઠરાવવામાં આવેલ છે કે, જામીનનો હુકમ અદાલતની વીવેકબુધ્ધિને આધીન છે અને તે હુકમ વીવેકપુર્ણ રીતે અને ચોકકસ સ્થાયી પરીમાણોનો ઉપયોગ કરીને અદાલતે કરવો જોઈએ. ગુનો જેટલો ગંભીર હોય જામીન નકારવાની શકયતા તેટલી વધુ હોય છે. જો કે આ કવાયત દરેક કેસના વાસ્તવીક હકીકતો ધ્યાને લઈ થવી જોઈએ. અદાલતે અન્ય બાબતો સાથે આરોપીએ ગુનો કર્યો છે કે કેમ અને ગુનાની ગંભીરતા અને આરોપી દ્વારા કોઈ અવરોધ ઉભો થવાની શકયતા અથવા ન્યાયની પ્રક્રિયાથી બચવાની સંભાવના વીગેરે દ્રષ્ટિકોણ ધ્યાને લેવા જોઈએ. જામીન આપવાથી ન્યાયના વહીવટમાં જાહેર હીત અને આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા વચ્ચે યોગ્ય સંતુલન બને છે અને પ્રથમ દ્રષ્ટિએ આ વિશ્લેષણ રેકર્ડ આધારે કરવામાં આવે છે અને નીર્ણાયક નીષ્કર્ષ માટે અદાલતે રેકર્ડ પરના પુરાવાઓની વીગતવાર તપાસ કરી ગુંચવાવું ન જોઈએ તેમ ઠરાવેલ છે. એટલે કે જામીન અરજી તબકકે અરજદાર સામે આક્ષેપીત ગુનાના તત્વો સંતોષાતા ન હોય, ઠગાઈ કે ચોરીના નાણા મેળવેલા ન હોય તેવી બાબત પુરાવાનો વિષય હોય, આ તબકકે ધ્યાને લેવા ઉચીત જણાતું નથી. આમ, આ કામે ફરીયાદપક્ષની રજુઆત અને કાયદાના પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતને ધ્યાને લેતા

અરજદાર/આરોપીને જામીન મુકત કરવાનું હાલના કેસમાં ન્યાયોચીત જણાતું નથી. કારણ કે આરોપીની સામે આજીવનકેદને શીક્ષાપાત્ર ગંભીર આક્ષેપ વાળા ગુનાનું પ્રથમદર્શનીય તહોમત જણાય છે. વધુમાં જામીન અરજી જે તે કેસના મેરીટસ આધારે જોવાની હોય, અને અલગ અરજીના સંદર્ભમાં કરવામાં આવેલ ચોકકસ અવલોકનો આધારે તે નીર્ણીત કરી શકાય નહી પરંતુ અદાલતે વીવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરી નીર્ણીત કરવી જોઈએ. જેથી હાલના કેસના સંજોગો જોતા આરોપી દ્વારા કોઈ અવરોધ ઉભો થવાની શકયતા અથવા ન્યાયની પ્રક્રિયાથી બચવાની સંભાવના જણાય છે. વળી, જામીન આપવાથી ન્યાયના વહીવટમાં જાહેર હીત અને આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા વચ્ચે યોગ્ય સંતુલન જોતા આ કામે આરોપી સામે સાયબર ફ્રોડના મોટા નેટવર્કમાં પોતાનું એકાઉન્ટ ઉપયોગમાં દઈ નાણાકીય લાભ મેળવેલ છે અને આ ગુનાનું નેટવર્ક મોટા પ્રમાણમાં હોય, આ પ્રકારના ગુનાઓ હાલના સમયમાં ખુબ જ મોટા પ્રમાણમાં વધેલ હોય, જનમાનસમાં તેની વીપરીત અસર થતી હોય પ્રથમ દ્રષ્ટિએ આ રેકર્ડ આધારે વિશ્લેષણ કરવામાં આવતા આરોપીને ચાર્જશીટ થયા બાદ પણ જામીન ઉપર મુકત યોગ્ય જણાતું નથી. વળી, જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે તેવી ફરીયાદપક્ષે વ્યકત કરેલ દહેશત બનાવનું સ્વરૂપ જોતા નકારી શકાય તેમ નથી. તે તમામ હકીકતો અને સંજોગો તથા બનાવનું સ્વરૂપ અને ગુનાની ગંભીરતાને ધ્યાને લેતા અરજદાર/આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચીત જણાતું ન હોય, નીચે મુજબ હુકમ ફરમાવું છું.

–//હુકમ//–

હાલના અરજદાર/આરોપી પ્રમોદભાઈ ત્રીકમભાઈ ભાખર, હાલ જીલ્લા જેલ, જુનાગઢવાળાએ જામીન ઉપર મુકત થવા માટે રજુ કરેલ હાલની ફોજદારી પરચુરણ અરજી નં. ૧૯૫/૨૦૨૬ આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૮મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ– જુનાગઢ

તારીખ– ૧૮/૦૩/૨૦૨૬

(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)
પમાં એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ.
(જજ કોડ– GJ01005)